## સ્પે.દિ.મુ.નં. ૦૩/૨૦૧૯ ના કામે આંક ૫ લગત હુકમ

---

**૧.** વાદીની દાવા અરજી તથા હાલની વચગાળાના મનાઇહુકમની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના પાજોદ ગામે વાદીઓના દાદા કરશનભાઇ ગોકળભાઇ સવાણી જુદાજુદા સર્વે નંબરોની ખેતીની જમીન ધરાવતા હતા. પાજોદ ગામના સર્વે નં. ૩૧૭, ૨૪૬, ૩૯, ૧૯૧, ૧૪૮ તથા ૧૯ થી નોધાયેલ ખેતીની જમીન કબજા હકકથી પ્રાપ્ત થયેલ હતી. સદરહુ જમીનના રેવન્યુ રેકોર્ડમાં વાદીઓના પિતા વિઠલદાસ કરશનભાઇ તથા વલ્લભદાસ કરશનભાઇના નામ દાખલ થયેલા હતા. વાદીઓના દાદા કરશનભાઇ ગોકળભાઇએ તેમના ચારેય દિકરાઓના નામ ઘરમેળેથી સમજુતીથી વહેચણી કરતા હકકપત્રકની નોધ નં. ૬૦૫ થી મથુરદાસ કરશનદાસના નામે તથા નોધ નં. ૧૬૦૭ થી નારણદાસ કરશનદાસને ખેતીની જમીન આપવામાં આવેલી. વાદી નં. ૧ તથા ૨ ના પિતાજી વિઠલદાસ કરશનદાસને હકક પત્રક નોધ નં. ૧૬૦૮ મુજબ સર્વે નં. ૩૧૭ પૈકી એકર ૫ – ૨૨ ગુઠા, સર્વે નં. ૨૪૬/૨ ની એકર ૫ -૨૭ ગુઠા, સર્વે નં. ૩૯/૧ ની એકર ૪ – ૧૫ ગુઠા અને સર્વે નં. ૧૪૮ પ્રૈકીની એકર ૩ – ૩૩ ગુઠા જમીન ઘરમેળેથી સમજુતીથી મળેલ હતી. વાદી નં. ૩ તથા ૪ ના પિતાજી વલ્લભદાસ કરશનદાસને હકકપત્રકની નોધ નં. ૧૬૦૬ થી સર્વે નં. ૩૧૭ પ્રૈકીની એકર ૫ – ૨૭ ગુઠા જમીન મળેલ હતી. આમ સદરહુ જમીનો વડીલોપાજીત હોવાથી વાદીઓનો જન્મથી જ કાયદેસરનો સમાન હિસ્સો છે. વાદીઓ તથા પ્રતિવાદીઓ હિન્દુ ધર્મના છે. જેથી હિન્દુ વારસાધારા મુજબ ઉપરોકત વર્ણન કરેલ જમીનો તથા જમીનોની ઉપજમાં વાદીઓનો વારસાઇ ધોરણે કાયદેસરનો હક્ક હિસ્સો છે.

**૧.૧.** વાદીઓએ દાવા અરજીમાં વધુમાં જણાવેલ છે કે, વાદીઓ પરણીત છે અને ઘણા સમયથી પતિગૃહે રહે છે. પ્રતિવાદીઓ તેમના પરીવારના સભ્યો હોય તેમની ઉપર સંપુર્ણ ભરોસો અને વિશ્વવાસ હતો. પ્રતિવાદીઓ વાદીઓને તેમના

હિસ્સાની રકમ પણ આપતા હતા. પ્રતિવાદીઓના વલણમાં પરીવર્તન આવેલ હોવાથી તથા વડીલોપાર્જીત ખેતીની જમીનોના વહિવટ અને વ્યવસ્થા અંગે વાદીઓને માહિતીગાર કરતા ન હોય તથા વાદીઓને તેમની ઉપજના હિસ્સા અંગે પણ પ્રતિવાદીઓ સ્પષ્ટ હકીકત જણાવતા ન હોય વાદીઓએ પુછતા પ્રતિવાદીઓએ ઉશ્કેરાઇને વાદીઓને તેમનો હિસ્સો આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ. જેથી વાદીઓએ વડીલોપાર્જીત મીલકતોની રેવન્યુ રેર્કડની તપાસ કરતા અને તા. ૨૨/૦૩/૨૦૧૯ ના રોજ નકલો મેળવતા વાદીઓને જાણ થયેલી કે, પ્રતિવાદીઓએ તેમની જાણ કે સંમતિ વિના વડીલોપાર્જીત ખેતીની જમીનો તેમના નામે રેવન્યુ રેકોર્ડમાં ચઢાવી લીધેલ છે. વાદીઓએ વડીલોપાર્જીત મીલકતમાંથી તેમનો હિસ્સો ઉઠાવી લીધેલ નથી કે મીલકતોમાંથી તેમની કોઇ ફારગતી આપેલ નથી કે આ મીલકતોનુ કોઇ રીલીઝ ડીડ કરી આપેલ નથી. વાદીઓને વડીલોપાર્જીત મીલકતોમાંથી કોઇ અવેજ મળેલ નથી કે અન્ય કાયદેસરનો હિસ્સો આપવામાં આવેલ નથી. નોધ નં. ૨૭૧૮ તથા ૨૭૧૯ થી પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકોર્ડમાં દાખલ થયેલ છે. હાલમાં રેવન્યુ રેકોર્ડમાં આ મુજબ નામો ચાલે છે. (૧) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૪ થી સર્વે નં. ૩૯/૧, હે. ૧-૭૮-૦૬ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૧ નામે, (૨) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૩ થી સર્વે નં. ૧૪૮/પૈકી ૧, હે. ૧-૫૪-૭૯ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૨ નામે, (૩) મોજે પાજોદ ગામે ખાતા નં. ૧૯૯ થી સર્વે નં. ૨૪૬/૨, હે. ૨-૩૧-૬૮ ક્ષેત્રફળની ખેતીની જમીન તથા સર્વે નં. ૩૧૭/પૈકી ૧, હે. ૨-૨૪-૫૯ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૩ નામે, (૪) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૮ થી સર્વે નં. ૧૯૧/પૈકી ૩ ની હે. ૧ – ૨૯- ૫૦ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૪ નામે,(૫) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૭ થી સર્વે નં. ૩૯/૨, હે. ૧-૭૯-૦૭ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૫ નામે, (૬) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૬ થી સર્વે નં. ૧૯૧/પૈકી ૨, હે. ૧ – ૫૦ -૭૫ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૬ નામે, (૭) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૫ થી સર્વે નં. ૧૯૧/ પૈકી - ૧, હે. ૧-૫૧-૭૬ ક્ષેત્રફળની ખેતીની જમીન

પ્રતિવાદી નં. ૭ નામે, (૮) મોજે પાજોદ ગામે ખાતા નં. ૪૨૯ થી સર્વે નં. ૩૧૭/પૈકી - ૩, હે. ૧-૧૩-૩૧ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૮ નામે, (૯) મોજે પાજોદ ગામે ખાતા નં. ૨૧૦ થી સર્વે નં. ૩૧૭/પૈકી ૨, હે. ૧-૧૨-૩૦ ક્ષેત્રફળની ખેતીની જમીન પ્રતિવાદી નં. ૯ નામે ચાલે છે. વાદીઓના દાદા કરશનભાઇએ ઉપરોકત વર્ણન કરેલ વડીલોપાર્જીત જમીનની ઉપજ માંથી સર્વે નં. ૧૩૨/પૈકી ૧ ની જમીન રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે તથા સર્વે નં. ૧૩૩/૧ થી નોધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટસ પૈકીના પ્લોટ નં. ૩ તથા ૪ પ્રતિવાદીઓએ ઉપરોકત વર્ણન કરેલ ખેતીની જમીનની ઉપજની રકમમાંથી ખરીદ કરેલ છે **(સરળતા ખાતર ઉપરોકત વર્ણન કરવામાં આવેલ જમીનો તથા મીલકતોને હવે પછી દાવાવાળી મીલકતો તરીકે સંબોધન કરવામાં આવે છે)**. આમ ઉપરોકત જણાવેલ તમામ દાવાવાળી મીલકતો વડીલોપાર્જીત મીલકત હોય વાદીઓનો કાયદેસર હિસ્સો રહેલો છે. પ્રતિવાદી નં. ૧ થી ૩ ના નામે આવેલ ખેતીની જમીનોમાં વાદી નં. ૧, ૨ દરેકનો ચોથા ભાગનો હિસ્સો છે તથા પ્રતિવાદી નં. ૪ થી ૯ ના નામે આવેલ ઉપરોકત ખેતીની જમીનોમાં વાદી નં. ૩, ૪ નાઓનો દરેકનો પાંચમાં ભાગનો હિસ્સો આવેલો છે. આ કામના પ્રતિવાદીઓએ અકિલા દૈનિક વર્તમાનપત્રમાં તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજ જાહેર ખબર આપીને દાવાવાળી મીલકતો વેચી નાખવાનો ઈરાદો બતાવેલ હોય વાદીઓના હકક હિસ્સાથી વંચીત રાખબા માંગતા હોય વાદીઓને હાલનો દાવો દાખલ કરવાનુ કારણ ઉપસ્થીત થતા વાદીઓએ હાલનો દાવો દાખલ કરી દાવા અરજીના પેરા ૧૭ માં માંગ્યા મુજબની દાદની અરજી કરી, હાલની આંક ૫ ની વચગાળાની મનાઇ હુકમની અરજી રજુ કરી વધુમાં જણાવેલ છે કે, વાદીઓનો પ્રાઇમાંફેસી કેસ છે. સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે અને જો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનુ વેચાણ કરી નાખે તો વાદીઓના ખેડુત તરીકેના હકક અધિકારો તથા કાનુની સ્ટેટસ ઝુટવાઇ જાય તેમ છે. જેથી વાદીઓને નાણામાં માપી ન શકાય તેવુ નુકશાન થાય તેમ છે. જેથી હાલની અરજીમાં માંગ્યા મુજબનો વચગાળાનો મનાઇહુકમ

પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

**૨.** આ કામના પ્રતિવાદીઓને દાવાનો તથા હાલની અરજીનો ધોરણસર સમન્સ તથા નોટીસની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી. મારફત હાજર થયેલ છે અને આંક ૧૭ થી વાદીઓના દાવાનો તથા હાલની અરજીનો સંયુકત લેખીત જવાબ રજુ કરી વાદીઓના દાવા અરજીમાં વાદીઓ તથા પ્રતિવાદીઓના સંબધ અંગે કરવામાં આવેલ કથનો તથા દાવાવાળી મીલકતો વડીલોપાર્જીત હોવાનુ સ્વીકાર કરી વાદીઓની દાવા અરજીમાં કરવામાં આવેલ અન્ય કથનોનો ઇન્કાર કરી જણાવેલ છે કે, દાવાવાળી મીલકતો પ્રતિવાદીઓને વારસામાં મળેલ વડીલોપાર્જીત મીલકત છે પંરતુ વાદીઓનો ૧/૪ કે ૧/૫ કે કોઇપણ હિસ્સો હોવાની હકીકત ખરી નથી. વાદીઓના સારા નરસા પ્રસંગે જવાબદારીઓ પુર્ણ કરેલ છે તથા ભવિષ્યમાં પણ જવાબદારી નિભાવવા તૈયાર છે. વાદીઓએ મૌખીક રીતે ઉપરોકત ખેતીની જમીનોમાં દીકરીઓ તરીકે પોતાનો હકક હિસ્સો નહી હોવાની સંમતિ આપેલ હતી. જેથી ખેતીની જમીનોમાં પ્રતિવાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં નોધ થયેલ છે અને પ્રતિવાદીઓને આ જમીનનો વહીવટ કરવાનો સ્પષ્ટ અધિકાર છે. પ્રતિવાદીઓ હાલમાં નાણાંકીય તંગી અનુભવે છે. વ્યવહારમાં ટકવા તથા વ્યકિતગત અને સંસ્થાકીય નાણાંકીય લેણાની જવાબદારી હોય તે પુર્ણ કરવા જમીનોનુ વેચાણ કરવુ ફરજીયાત અને અનિવાર્ય થઇ ગયેલ છે. જેથી વાદીઓ એક માત્ર હેરાન કરવાના ઇરાદે ખોટો દાવો કરેલ હોય વાદીની હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**3.** આ કામે વાદી પક્ષે નિશાની ૪/૧ થી ૪/૩૧ સુધી દાવાવાળી મીલકતોના રેવન્યુ રેકોર્ડના ઉતારા રજુ કરવામાં આવેલ છે અને નિશાની ૪/૩૨ થી તા.૨૦/૦3/૨૦૧૯ ના રોજ અકીલા વર્તમાનપત્રમાં આપેલ જાહેર ખબરની નકલ તથા નિશાની ૧૮/૧ થી દાવાવાળી મીલકતો ખરીદવા માટે તા. ૨૧/૦૬/૨૦૧૯ ના રોજના અકીલા વર્તમાનપત્રમાં આવેલ જાહેર ખબરની સ્થળપત્ત રજુ કરેલ છે.

સદરહુ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવેલ છે.

૪. આ કામે પ્રતિવાદી પક્ષે કોઇ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી.

૫. વાદી પક્ષે આંક ૧૯ થી લેખીત દલીલ રજુ થયેલ છે તથા પ્રતિવાદી પક્ષે આંક ૨૦ થી લેખીત દલીલ રજુ થયેલ છે. આ કામે પક્ષકારો તરફથી રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી.

૬. પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષનિવેદનો, દસ્તાવેજી આધારો, દલીલો ધ્યાને લેતા હાલની અરજીના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**૧.** શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

**૨.** શુ અગવડ સગવડતાની સમતુલાની વાદીની તરફેણમાં છે?

**૩.** શું વાદીને માંગ્યા મુજબની દરમ્યાન મનાઇ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે?

**૪.** શું હુકમ?

૭. ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** મુદા નં. ૧ : હકારમાં.

**૨.** મુદા નં. ૨ : હકારમાં

**૩.** મુદા નં. ૩ : હકારમાં

**૪.** મુદા નં. ૪ : આખરી હુકમ મુજબ.

**-: નિર્ણય માટેના કારણો :-**

**મુદા નં. ૧ :-**

૮. દરમ્યાન મનાઇહુકમ એ એક સમન્યાયી દાદ છે અને તેવી દાદ મેળવવા

માટે વાદી પક્ષે બતાવવુ જાઇએ કે, પોતાનો પ્રથમદર્શનીય કેસ છે અને મનાઇહુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા વિના સ્વચ્છ હાથે આવવુ જોઇએ. આમ સદર સિધ્ધાત નજર સમક્ષ રાખી હાલની અરજી તે પરિપ્રેશ્યમાં કેટલે અંશે આવે છે તે જોઇશું.

૯. વાદીના પક્ષ નિવેદન અનુસાર મોજે પાજોદ મુકામે સર્વે નં.૩૯/૧, સર્વે નં. ૧૪૮/પૈકી ૧, સર્વે નં. ૨૪૬/૨, સર્વે નં. ૩૧૭/પૈકી ૧, સર્વે નં. ૧૯૧/પૈકી ૩, સર્વે નં. ૩૯/૨, સર્વે નં. ૧૯૧/પૈકી ૨, સર્વે નં. ૧૯૧/ પૈકી - ૧, સર્વે નં. ૩૧૭/પૈકી - ૩, સર્વે નં. ૩૧૭/પૈકી ૨ થી નોધાયેલ દાવાવાળી જમીનો વાદીઓના દાદા કરશનભાઇની હોય સદરહુ તમામ જમીનો વડીલોપાર્જીત છે તથા વાદીઓના દાદા કરશનભાઇએ ઉપરોકત વર્ણન કરેલ વડીલોપાર્જીત જમીનની ઉપજ માંથી સર્વે નં. ૧૩૨/પૈકી ૧ ની જમીન રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે તથા સર્વે નં. ૧૩૩/૧ થી નોધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટસ પૈકીના પ્લોટ નં. ૩ તથા ૪ પ્રતિવાદીઓએ ઉપરોકત વર્ણન કરેલ ખેતીની જમીનની ઉપજની રકમમાંથી ખરીદ કરેલ હોય ઉપરોકત વર્ણન કરવામાં આવેલ તમામ મીલકતો વડીલોપાર્જીત છે અને વાદીઓનો સદરહુ દાવાવાળી મીલકતોમાં વાદીઓનો જન્મથી જ હકક હિસ્સો સમાયેલ છે. આ કામના પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ લેખીત જવાબનો પેરા ૬, પેરા ૮, પેરા ૧૦, પેરા ૧૨, પેરા ૧૮ ની વિગતો વંચાણે લેતા ઉપરોકત વર્ણન કરેલ દાવાવાળી મીલકતો વડીલોપાર્જીત હોવાનુ પ્રતિવાદીઓએ સ્વીકાર કરેલ હોવાનુ જણાય છે તથા પ્રતિવાદીઓના કથન પ્રમાણે આ કામના વાદીઓએ મૌખીક રીતે ઉપરોકત વર્ણન કરેલ ખેતીની જમીનોમાં દિકરીઓ તરીકે પોતાનો હકક હિસ્સો નહી હોવાની સંમતિ આપેલ હોવાનુ કથન કરેલ છે. ***આમ પક્ષકારો તરફથી રજુ થયેલ પક્ષ નિવેદનો વંચાણે લેતા વાદીઓ તથા પ્રતિવાદીઓ કરશનભાઇ ગોકળભાઇના વારસો હોવાનુ ફલીત થાય છે તથા દાવાવાળી મીલકતો મુળ કરશનભાઇ ગોકળભાઇના નામે રેવન્યુ રેકોર્ડમાં ચાલતી હોવાનુ જણાય છે તથા પ્રતિવાદી***

***પક્ષના લેખીત જવાબ તથા લેખીત દલીલો મુજબ દાવાવાળી મીલકતો વડીલાપાર્જીત હોવાનુ જણાય છે.*** નિશાની ૪/૧ થી રજુ થયેલ ગામનમુનો નં. ૬ હકકપત્રક નોધ નં. ૩૩૮ વંચાણે લેતા સર્વે નં.૩૧૭, ૨૪૬, ૩૯, ૧૯૧, ૧૨૮, ૧૯ થી નોધાયેલ જમીનો વાદીઓના દાદા કરશનભાઇના નામે રેવન્યુ રેકોર્ડમાં દાખલ થયેલાનુ જણાય છે. નિશાની ૪/૮ થી રજુ થયેલ ગામનમુનો નં. ૬ હકકપત્રક નોધ નં. ૨૭૧૮ વંચાણે લેતા સર્વે નં. ૩૧૭, ૨૪૬/૨ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૩ વિઠલભાઇ કરશનભાઇના નામે તથા સર્વે નં. ૧૪૮ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૨ ચંપાબેન વિઠલભાઇના નામે તથા સર્વે નં. ૩૯/૧ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૧ મયુરભાઇના નામે રેવન્યુ રેકોર્ડમાં તબદીલ થયેલાનુ જણાય છે અને સદર નોધ તા.૨૨/૦૨/૧૯૯૪ ના રોજ થયેલાનુ જણાય છે. નિશાની૪/૯ થી રજુ ગામનમુનો નં. ૬ હકકપત્રક નોધ નં. ૨૭૧૯ લક્ષે લેતા સર્વે નં. ૧૯૧ પૈકી ૧ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૭ ગોપાલ વલ્લભભાઇના નામે સર્વે નં. ૧૯૧ પૈકી ૧ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૬ ગીતાબેન ગોપાલભાઇના નામે, સર્વે નં. ૩૯/૨ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૫ કિશોર વલ્લભભાઇ, સર્વે નં. ૧૯૧ થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૪ ગીતાબેન કિશોરભાઇના નામે, સર્વે નં. ૩૧૭ પૈકી થી નોધાયેલ જમીન પ્રતિવાદી નં. ૯ વલ્લભભાઇ કરશનભાઇના નામે, સર્વે નં. ૩૧૭ પૈકી વાળી જમીન પ્રતિવાદી નં. ૮ જમનાબેનના નામે રેવન્યુ રેકોર્ડમાં તા. ૨૨/૦૨/૧૯૯૪ ના રોજ તબદીલ થયેલાનુ જણાય આવે છે. આમ નિશાની ૪/૧૩ થી ૪/૩૧ સુધીના રજુ થયેલ રેવન્યુ રેકોર્ડના ઉતારા લક્ષે લેતા આ પેરામાં ઉપરોકત વર્ણન કરવામાં આવેલ સર્વે નંબરોવાળી જમીનો હાલ પ્રતિવાદીઓના નામે રેવન્યુ રેકોર્ડમાં ચાલતી હોવાનુ જણાય છે.

**૧૦.** સર્વે નં. ૧૩૨/ પૈકી ૧ થી નોધાયેલ જમીન પરત્વે હાલના તાજેતરના રેવન્યુ રેકોર્ડના ઉતારા વાદી પક્ષે રજુ થયેલ નથી તથા સવે નં. ૧૩૩/૧ થી નોધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં. ૩, ૪ આ કામના પ્રતિવાદીઓના નામે નોધાયેલ હોય તે દર્શાવવા સારુ પણ તાજેતરના રેવન્યુ રેકોર્ડના ઉતારા

કે અન્ય દસ્તાવેજી આધારો વાદી પક્ષે રજુ થયેલ નથી.

**૧૧.** હવે આ કામના પ્રતિવાદી પક્ષનો જવાબ લક્ષે લેતા આ કામના વાદીઓએ દાવાવાળી મીલકતોમાં દિકરીઓ તરીકે મૌખીક રીતે પોતાનો કોઇ હકક હિસ્સો નહી હોવાની સંમતિ આપેલ હોવાનુ કથન કરેલ છે. સદરહુ કથન વાદીઓએ કયારે અને કોની હાજરીમાં કરેલ તે બાબતે પ્રતિવાદીઓએ મૌન ધારણ કરેલ હોવાનુ જણાય છે. દાવાવાળી જમીનોના રેવન્યુ રેકોર્ડમાં નોધ નં. ૨૭૧૮ તથા ૨૭૧૯ પાડવામાં આવી ત્યારે આ કામના વાદીઓનો ધોરણસર જવાબ નોધવામાં આવેલ કે કેમ? તે બાબતે પણ પ્રતિવાદીઓ સંદતર મૌન ધારણ કરેલ હોવાનુ જણાય છે. સને ૧૯૯૪ થી ૨૦૧૯ સુધી રેવન્યુ રેકોર્ડના ઉતારા વાદીઓએ જોયેલ ન હોય તે બાબતે વાદી પક્ષે માની શકાય તેવો સબળ ખુલાસો રજુ થયેલાનુ જણાતુ નથી. પક્ષકારોના પક્ષ નિવેદન નજર સમક્ષ રાખતા તથા આ કામે રેકોર્ડ પર જે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તે વંચાણે લેતા આ કામના વાદીઓએ દાવાવાળી મીલકતોમાંથી પોતાના વારસાઇ રૂએ કહેવાતા સમાયેલ હકક હિસ્સા પ્રતિવાદીઓની તરફેણમાં જતો કરેલ હોય તે બાબતે કોઇ લેખીતમાં લખાણ થયેલાનુ પ્રથમદર્શનીય રીતે જણાતુ નથી. પ્રતિપાદિત થયેલ સિદ્ધાતો લક્ષે લેતા રેવન્યુ રેકોર્ડ માલીકી અંગેના નિર્ણાયક આધાર પુરાવા ગણી શકાય નહી. પ્રતિવાદી પક્ષનો લેખીત જવાબના પેરાઓ વંચાણે લેતા તથા પ્રતિવદી પક્ષે રજુ થયેલ લેખીત દલીલો વંચાણે લેતા તથા આ કામે રજુ થયેલ નિશાની ૪/૧ થી ૪/૩૧ સુધીના રજુ દાવાવાળી મીલકતોના રેવન્યુ રેકોર્ડના ઉતારા લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતા મોજે પાજોદ મુકામે સર્વે નં.૩૯/૧, સર્વે નં. ૧૪૮/પૈકી ૧, સર્વે નં. ૨૪૬/૨, સર્વે નં. ૩૧૭/પૈકી ૧, સર્વે નં. ૧૯૧/પૈકી ૩, સર્વે નં. ૩૯/૨, સર્વે નં. ૧૯૧/પૈકી ૨, સર્વે નં. ૧૯૧/ પૈકી - ૧, સર્વે નં. ૩૧૭/પૈકી - ૩, સર્વે નં. ૩૧૭/પૈકી ૨ થી નોધાયેલ ખેતીની જમીન સર્વે નં. ૧૩૨/પૈકી ૧ થી નોધાયેલ જમીન વાદીઓ તથા પ્રતિવાદીઓના દાદા કરશનભાઇના નામે મુળ રીતે નોધાયેલ હોવાનુ અને વડીલોપાર્જીત મીલકતો હોવાનુ તથા

વાદીઓ અને પ્રતિવાદીઓ મુળ કરશનભાઇના વારસો હોવાનુ પ્રથમદર્શનીય રીતે ફલીત થાય છે. આમ આ દાવાના કામે સમાયેલ તકરારી મુદાઓ જેવા કે, દાવાવાળી મીલકતો વડીલોપાર્જીત હોય અને પ્રતિવાદીઓએ વાદીઓની જાણ બહાર દાવાવાળી મીલકતોના રેવન્યુ રેકોર્ડમાં તેમના નામ દાખલ કરાવી દીધા છે કે કેમ? અને વાદીઓ દાવા અરજીમાં માંગ્યા મુજબનો તેમનો હિસ્સો મેળવવા હકકદાર છે કે કેમ? તેવા તકરારી મુદાઓ સંર્દભે પુરાવો લેવો અનિવાર્ય હોય તે હકીકત લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત લક્ષે લેતા તથા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતો લક્ષે લેતા વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાતુ હોય મુદા નં. ૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૨ તથા ૩</u> :-**

**૧૨.** કામચલાઉ મનાઇહુકમની માંગણી ગ્રાહ્ય રાખવા માટે પ્રથમદર્શનીય કેસ ઉપરાંત સગવડતા અગવડતાની સમતુલાનુ પાસુ પણ અગત્યનુ છે તથા જો દરમ્યાન મનાઇહુકમ આપવામાં ન આવે તો નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાનનુ પાસુ પણ અગત્યનુ છે. મુદા નં. ૨ તથા ૩ પરસ્પર સંકળાયેલા હોય હકીકતોનુ તથા ચર્ચાનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી મુદા નં. ૨ તથા ૩ ની ચર્ચા એક સાથે કરવી ન્યાયોચીત જણાતુ હોય સદર બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**૧૩.** પ્રતિવાદી પક્ષનો લેખીત જવાબ તથા લેખીત દલીલો લક્ષે લેતા ખુદ પ્રતિવાદીઓએ દાવાવાળી મીલકતો વડીલોપાર્જીત હોવાનુ કથન કરેલ હોવાનુ પ્રથમદર્શનીય જણાય આવે છે તથા પ્રતિવાદી પક્ષનો જવાબ લક્ષે લેતા તથા પ્રતિવાદી પક્ષની લેખીત દલીલો લક્ષે લેતા આ કામના પ્રતિવાદીઓ તેમની અંગત જરૂરીયાતને કારણે દાવાવાળી મીલકતો વેચાણ કરવા માંગતા હોવાનુ ફલીત થાય છે. જો દાવા દરમ્યાન દાવાવાળી મીલકતોનુ વેચાણ કરવામાં કે હસ્તાંતર કરવામાં

પ્રતિવાદીઓ સફળ થાય તો દાવાના અંતે ગુણદોષને આધીન જો વાદીઓ કોઇ દાદ મેળવવા હકકદાર બને તો વાદીઓને દાવાના કુટ પ્રાપ્ત થઇ શકે નહી અને દાવાદુવીની પંરપંરા સર્જાય તેમ છે. જેથી સગવડતા તથા અગવડતાની સમતુલા પ્રતિવાદી પક્ષે હોવાનુ જણાતુ નથી અને જો વાદીઓની દહેશત મુજબ પ્રતિવાદીઓ દાવાવાળી મીલકતોનુ વેચાણ કે હસ્તાંતર કરવામાં સફળ થાય તો વાદીઓના ખેડુત હકકને લગતા કાનુની સ્ટેટસ પરત્વે વિપરીત અસર થવાની શકયતા નકારી શકાય તેમ ન હોય તથા દાવાના અંતે જો દાવાવાળી મીલકતોનુ મુળ સ્થિતી મુજબનુ અસ્તિત્વ ન હોય અને ત્રાહિતોની તરફેણમાં દાવાવાળી મીલકતોનુ હસ્તાંતરણ થઇ ગયેલ હોય તો વાદીઓને નાણામાં માપી ન શકાય તેવુ નુકશાન થવાની શકયતાનો ઇન્કાર થઇ શકે તેમ નથી. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકીકત લક્ષે લેતા મુદા નં. ૨ તથા ૩ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૪</u> :-**

**૧૪.** ઉપરોકત વિસ્તુત ચર્ચા કરી તે પ્રમાણે જો પ્રતિવાદીઓ દાવાવાળી મીલકતો દાવા દરમ્યાન વેચાણ કરવામાં સફળ થાય અને વાદીઓ દાવાના અંતે ગુણદોષને આધીન દાદ મેળવવા સફળ થાય તો દાવાદુવીની પંરપંરા સર્જાય તેમ છે અને વાદીઓને દાવાના કુટ પ્રાપ્ત થવામાં અગવડતા ઉભી થાય તે શકયતાનો ઇન્કાર થઇ શકે તેમ નથી. ખાસ કરીને જયારે ખુદ આ કામના પ્રતિવાદીઓ તેમના લેખીત જવાબમાં દાવાવાળી મીલકતો વડીલોપાર્જીત હોવાનુ સ્વીકાર કરેલ હોય અને આ કામના વાદીઓ તેમના કુંટુંબની દીકરીઓ થતી હોવાનુ સ્વીકાર કરેલ હોય તે વિગત નજર અંદાજ થઇ શકે તેમ નથી. આ કામે વાદી પક્ષે નિશાની ૪/૧૩ થી ૪/૩૧ સુધીના દાવાવાળી મીલકતોના રેવન્યુ રેકોર્ડના ઉતારા રજુ થયેલા છે. જે રેકોર્ડના ઉતારામાં થયેલી નોધો વંચાણે લેતા સદરહુ દાવાવાળી મીલકતો વિવિધ બેકોમાં તથા સહકારી મંડળીમાં તારણમાં

આપેલ હોવાનુ તથા ખુબ જ મોટી રકમની તારણમાં હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે. આ સંજોગોમાં દાવાવાળી મીલકતોની મનાઇહુકમની અરજીનો નિર્ણય કરતી વખતે શુદ્દ્યબુદ્દિથી પુર્વક જે ઇસમોને કાર્ય કરેલ હોય તેમના હિતોને વિપરીત અસર ન થાય તેનુ પણ દયાન રાખવુ જરૂરી બને છે. મોજે પાજોદ મુકામે સર્વે નં. ૧૩૨ પૈકી ૧ થી નોધાયેલ દાવાવાળી મીલકતના તાજેતરના રેવન્યુ રેકોર્ડના ઉતારા કે વેચાણ દસ્તાવેજની નકલો વાદી પક્ષે રજુ રાખેલ ન હોય તે સંજોગોમાં હાલના વર્તમાન સમયમાં સદરહુ મીલકતની સ્થિતી તથા માલીકી અને કબજા બાબતેની સ્પષ્ટતા રેકોર્ડ પર થયેલ નથી તથા સર્વે નં. ૧૩૩/૧ થી નોધાયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં. ૩ તથા ૪ ની માલીકી કબજા દર્શાવતા પણ કોઇ આધાર પુરાવા વાદી પક્ષે રજુ થયેલ ન હોવાનુ જણાય છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો લક્ષે લેતાત થા દાવાવાળી મીલકતોના રક્ષણ સારુ અને પક્ષકારોના હિતોના રક્ષણ સારુ આખરી હુકમ મુજબનો આદેશ કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહે તેમ હોય મુદા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

- વાદીની હાલની આંક ૫ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

- મોજે જુનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના પાજોદ ગામ મુકામે (૧) ખાતા નં. ૪૨૪ થી સર્વે નં. ૩૯/૧, હે. ૧-૭૮-૦૬ ક્ષેત્રફળની ખેતીની જમીન (૨) ખાતા નં. ૪૨૩ થી સર્વે નં. ૧૪૮/પૈકી ૧, હે. ૧-૫૪-૭૯ ક્ષેત્રફળની ખેતીની જમીન (૩) ખાતા નં. ૧૯૯ થી સર્વે નં. ૨૪૬/૨, હે. ૨-૩૧-૬૮ ક્ષેત્રફળની ખેતીની જમીન (૪) ખાતા નં. ૧૯૯ થી સર્વે નં. ૩૧૭/પૈકી ૧, હે. ૨-૨૪-૫૯ ક્ષેત્રફળની ખેતીની જમીન (૫) ખાતા નં. ૪૨૮ થી સર્વે નં. ૧૯૧/પૈકી ૩ ની હે. ૧– ૨૯- ૫૦ ક્ષેત્રફળની ખેતીની જમીન (૬) ખાતા નં. ૪૨૭ થી સર્વે નં. ૩૯/૨, હે. ૧-૭૯-૦૭ ક્ષેત્રફળની ખેતીની જમીન (૭) ખાતા નં.

૪૨૬ થી સર્વે નં. ૧૯૧/પૈકી ૨, હે. ૧–૫૦-૭૫ ક્ષેત્રફળની ખેતીની જમીન (૮) ખાતા નં. ૪૨૫ થી સર્વે નં. ૧૯૧/ પૈકી - ૧, હે. ૧-૫૧-૭૬ ક્ષેત્રફળની ખેતીની જમીન (૯) ખાતા નં. ૪૨૯ થી સર્વે નં. ૩૧૭/પૈકી-૩, હે. ૧-૧૩-૩૧ ક્ષેત્રફળની ખેતીની જમીન (૧૦) ખાતા નં. ૨૧૦ થી સર્વે નં. ૩૧૭/પૈકી ૨, હે. ૧-૧૨-૩૦ ક્ષેત્રફળની ખેતીની જમીન આ દાવાના અંતિમ નિર્ણય સુધી અન્ય કોઇને તબદીલ કે વેચાણ કરવી કરાવવી નહી તેવો વચગાળાનો મનાઇ હુકમ આ કામના પ્રતિવાદીઓ સામે ફરમાવવામાં આવે છે.

- ઉપરોકત પેરામાં વર્ણન કરવામાં આવેલ સર્વે નંબરોની દાવાવાળી મીલકતો/જમીનો જે બેકોમાં તથા સહકારી મંડળીઓમાં તારણ પર મુકવામાં આવેલ છે તે બેકો તરફથી કે સંસ્થા તરફથી કે સહકારી મંડળી તરફથી સદરહુ મીલકતો પરત્વે ન્યાયીક કે અર્ધન્યાયીક કાર્યવાહી થયેલ હોય અને સદર કાયદેસરની ન્યાયીક કે અર્ધન્યાયીક કાર્યવાહીમાં ઉપરોકત પેરામાં વર્ણન કરેલ સર્વ નંબરોની દાવાવાળી મીલકતો/જમીનોના હસ્તાતર પરત્વે કે તબદીલ કરવા અંગેના થયેલ હુકમોને કે કાર્યવાહીને આ વચગાળાના મનાઇ હુકમથી કોઇ બાધ ઉત્પન્ન થશે નહી.

- હાલની અરજીનુ ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તા ૧૨ માહે જુલાઇ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો

વંથલી

તા.૧૨/૦૭/૨૦૧૯ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)

પ્રિન્સીપલ સીનયર સીવીલ જજ, વંથલી.

જીજે૦૦૯૫૭